# <u>સ્ટડી મટિરીયલ</u>

## ધોરણ :-૯

### વિષય :- ગુજરાતી(પ્રથમ ભાષા)

**જૂન માસનો અભ્યાસક્રમ**

**<u>પાઠ / એકમનું નામ</u>**

1. સાંજ સમે શામળિયો (ગીત - કાવ્ય)
2. ચોરી અને પ્રાયશ્ચિત (આત્મકથાખંડ)
3. વ્યાકરણ - ધ્વનિશ્રેણી અને સંજ્ઞા
4. અપઠિત કાર્ય – વિચાર-વિસ્તાર

**<u>વિષય તજજ્ઞનાં નામ</u>**


(1) શ્રીમતી વિરમતી પી. પટેલ - પી. કે.ડી. વિદ્યાલય, અટાર

(2) શ્રીમતી જ્યોતિબેન બી. પટેલ - સ્વામી વિવેકાનંદ ઉ.બુ. વિદ્યાલય, સુખેશ

(3) શ્રીમતી નિપાબેન ડી. પરમાર - સાર્વજનિક હાઇસ્કૂલ, ડુંગરી

(4) શ્રીમતી નારાયણી કે. ઓઝા - આઈ. પી ગાંધી હાઇસ્કૂલ, જુજવા

(5) શ્રીમતી સંગીતાબેન એમ. પટેલ - ભગિની સમાજ હાઇસ્કૂલ, ઉદવાડા


## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ

# પદ્ય

## 1- સાંજ સમે શામળિયો




**કવિ:-** નરસિંહ મહેતા

**સાહિત્ય પ્રકાર:-** ગીત-કાવ્ય/પદ/ભક્તિગીત

**સાહિત્ય સંગ્રહ:-** "નરસિંહ મહેતાના કાવ્યો" માંથી

### કવિ પરિચય:-

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો, તેમની કર્મભૂમિ જૂનાગઢ હતી. નરસિંહ મહેતાને "આદિકવિ" નું બિરુદ મળેલ છે. નરસિંહના "પ્રભાતિયા" આજે પણ લોકકંઠે ગવાય છે. અને જગ વિખ્યાત છે. તેમનું "વૈષ્ણવજન" પદ ગાંધીજીને અતિપ્રિય હતું. તેઓ ઉત્તમ ઉર્મિકવિ હતા. "સુદામા-ચરિત્ર", "શામળશાનો વિવાહ", "કુંવરબાઈનું મામેરું" જેવી ચરિત્રાત્મક કાવ્યરચનાઓ છે. "હાર", "હૂંડી", "શ્રાદ્ધ" આત્મવૃતાન્ત પદો છે.

### કવિતા/ગીતનો સારાંશ:-

ભક્ત કવિ નરસિંહ મહેતા "સાંજ સમે શામળિયો" ભક્તિ ગીતમાં વૃંદાવનથી આવતા શામળિયા (કૃષ્ણ)નું વર્ણન કરે છે. એના રૂપ સૌંદર્યને જોઈ મુગ્ધ થયેલાં કવિ શામળિયાને ગિરધર, વહાલાજી અને સ્વામી શબ્દથી નવાજે છે.

### સૂચના:-

1) "સાંજ સમે શામળિયો" મુખપાઠ કરવું.
2) સ્વ-અધ્યયનના પ્રશ્નોના ઉત્તર લખશો.

### કાવ્યોનો ભાવાર્થ:-

**સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;**
**આગળ ગોધન, પાછળ સાજન,મનમાં મોહ ઉપજાવે. – સાંજ. 1**

સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવા સમયે શામળિયો એટલે કે કૃષ્ણ ભગવાન વૃંદાવનથી આવી રહ્યો છે. એમના માટે વહાલો શબ્દ પ્રયોજીને એમના મધુર રૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આગળ ગોધન અને પાછળ સાજન (ગોવાળો) ની વચમાં શામળિયો (કૃષ્ણ)નું આ દ્રશ્ય જ મનને મોહ પમાડનારું છે.

**મોર મુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહકે;**
**પહેર્યો પીતાંબર, ફૂલની પછેડી, ચુઆ - ચંદન મહકે, – સાંજ. 2**

શામળિયાને મસ્તક પર સુંદર મોર મુગુટ ધારણ કર્યો છે. કાનમાં કુંડળ ઝૂલી રહ્યા છે. શરીર પર પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કર્યાં છે. એ પછેડી ચુઆ – ચંદનથી મહેકી રહ્યાં છે.

**તારામંડળમાં જેમ શશિયર શોભે હેમે જડિંગ હીરો ;**
**તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો. – સાંજ. 3**

કૃષ્ણનાં રૂપની શોભાનું વર્ણન કરતાં કવિ નરસિંહ મહેતા જુદીજુદી ઉપમાઓ પ્રયોજે છે. તારાઓની વચ્ચે શશિયર (ચંદ્ર) શોભે હેમ (સુવર્ણ)નાં અલંકારમાં જડેલો હીરો એમ ગોવાળોની વચ્ચે ગિરધર(કૃષ્ણ) શોભી રહ્યાં છે. આ જ હરિ (કૃષ્ણ) હળધર એટલે કે બલરામનો ભાઈ છે.

**વ્હાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારૂં;**
**આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારૂં. - સાંજ. 4**

વહાલજીનું આ કામણગારું રૂપ કવિના હૃદયમાં વસી ગયું છે. એમને મળવા કવિનું હ્રદય વેગથી દોડી અને વ્હાલથી ભેટે છે. કવિ નરસિંહ મહેતા તન-મનથી એમના મુખ પર વારી જાય છે.

**વ્હાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?**
**નરસૈંયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ. – સાંજ. 5**

વ્હાલાજી - કૃષ્ણનું રૂપ અતિ કલ્યાણકરી છે. આવા રસિયા વગર રહી શકાય એમ નથી. નરસિંહ મહેતાનાં સ્વામી (કૃષ્ણ)નું રૂપ સૌંદર્ય વારંવાર નિરખતા પોતાનું મન હરખાય છે.

## શબ્દાર્થ

| | |
|---|---|
| સમે - સમયે | હેમ – સોનું,કનક,સુવર્ણ |
| ગોધન – ગાયોનું ધણ | તન – શરીર |
| સાજન – (અહીં) ગોવાળો | મુખ – વદન |
| શિર – મસ્તક | મહાશુભકારી – અતિ કલ્યાણકારી |
| શશિ – ચંદ્ર | નીરખવું – ધ્યાનથી જોવું |

## સ્વઅધ્યયન

**પ્રશ્ન.1 નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર લખો.**

(અ) સમાનર્થી શબ્દો લખો :

મસ્તક - ........................................
ચંદ્ર - ........................................
કનક - ........................................
મુખ - ........................................

(બ) તળપદા શબ્દો લખો :

સમે - ........................................
જડિંગ - ........................................
રૂદે - ........................................

(ક) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

1) પીળું રેશમી વસ્ત્ર - .........................
2) હળને ધારણ કરનાર - ....................
3) એક જાતનું સુગંધી લાકડું - ..........................
4) કાનમાં પહેરવાનું એક ઘરેણું - .........................

**પ્રશ્ન.2 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર લખો:**

1) ગોવાળોમાં ગિરધર કેવા શોભી રહ્યાં છે. ?

..........................................................................................................

..........................................................................................................

2) સાંજના સમયે કોણ આવી રહ્યું છે , ?

..........................................................................................................

..........................................................................................................

**પ્રશ્ન.3 નીચેના પ્રશ્નોનાં બે- ત્રણ વાકયમાં ઉત્તર લખો:**

1) કાવ્યનાં આધારે સાંજના સમયનું દ્રશ્ય આલેખો

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્રશ્ન.4 નીચેનાં પ્રશ્નોનાં સાત- આઠ લીટીમાં મુદ્દાસર ઉત્તર લખો:**

1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

*

# 2. ચોરી અને પ્રાયશ્ચિત



**સાહિત્યપ્રકાર:-** આત્મકથા અંશ

**લેખક:-** ગાંધીજી

**લેખકનું પૂરૂંનામ:-** મોહનદાસ કરમચંદ ગાંધી

**બિરુદ:-** બાપુ, મહાત્મા, રાષ્ટ્રપિતા

**જન્મ:-** 02/10/1869

**મૃત્યુ:-** 30/01/1948

## લેખક પરિચય:-

મહાત્મા ગાંધીનો જન્મ 2 જી ઓક્ટોબર 1869 ની સાલમાં પોરબંદરના સુદામાપુરીમાં થયો હતો. એમના માતાનું નામ પૂતળીબાઈ અને પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. ગાંધીજીએ પ્રારંભિક શિક્ષણ પોરબંદર અને રાજકોટમાં અને કાયદાનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં લીધું હતું, અને દક્ષિણ આફ્રિકામાં વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો હતો. ત્યાં રંગભેદના કારણે થયેલા અન્યાયને ધ્યાને લઈ ત્યાંના લોકોને ન્યાય અપાવવા લડ્યા હતા.

ત્યારબાદ ભારતમાં આવીને અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશને આઝાદી અપાવવા માટે સત્યાગ્રહની ચળવળનું નેતૃત્વ સ્વીકાર્યું હતું અને ભારતને આઝાદી અપાવી હતી. ગાંધીજીએ પોતાના જીવનમાં કરેલા સત્યના અને અહિંસાના પ્રયોગો થકી એમની આત્મકથા 'સત્યના પ્રયોગો'ની રચના કરી હતી. જે વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદિત થયેલ છે. તેમણે "દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ", "અનાસક્તિયોગ", "હિન્દ સ્વરાજ", "સર્વોદય","મંગળ પ્રભાત", "ગાંધીજીના પત્રો" વગેરે નોંધપાત્ર પુસ્તકોની રચના કરેલ છે. જે આજે ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથ શ્રેણીમાં સંગ્રહાયેલ છે.

આ પાઠનો સાહિત્ય પ્રકાર આત્મકથા અંશ છે એટલે કે; જીવનમાં બનેલ સત્યઘટનાઓ કે પ્રસંગોનું સચોટ વર્ણન.

આજે આપણે આત્મકથા ખંડ "ચોરી અને પ્રાયશ્ચિત" પાઠમાં પ્રાયશ્ચિતના મહત્વને જાણીશું.

**"હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,**
**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."**

આ પંક્તિને સાર્થક કરતું ગદ્ય “ચોરી અને પ્રાયશ્ચિત” આત્મકથા ખંડનો આપણે અભ્યાસ કરીએ. આ અંશ ગાંધીજીની આત્મકથા ‘સત્યના પ્રયોગો’ માંથી ધોરણ-૭ ના પાઠ્યપુસ્તકમાં લેવામાં આવેલ છે.

**<u>સૂચના:-</u>**

હવે આપણે આ આત્મકથા અંશનું વાચન ગાંધીજીના શબ્દોમાં કરીએ.

**કથાવસ્તુ**

ગાંધીજીને એમના સગાની સાથે બીડી પીવાનો શોખ હતો, એમની પાસે પૈસા હતા નહીં, બીડી પીવાથી કોઈ ફાયદો કે એની ગંધમાં મજા છે; એમ ન હતું. પરંતુ ધુમાડો કાઢવામાં જ કઇંક રસ છે, એમ લાગતું. એમના કાકાને બીડી પીવાની ટેવ હતી એ જોઈને એમને ઇચ્છા થઈ જતી, પૈસા તો ગાંઠે ન મળે અર્થાત પાસે ન મળે (ખિસ્સામાં) એટલે કાકાએ ફેંકી દીધેલ બીડીના ઠૂંઠા ચોરીને ફૂંકવાનું શરૂ કર્યું. પરંતુ દરેક વખતે ઠૂંઠા મળી ન શકે એટલે બીડી ખરીદવા માટે નોકરના દોકડા અર્થાત(પૈસા) ચોરવાની બીજી એક ખરાબ ટેવ પડી. વડીલોના દેખતા તો બીડી પીવાય જ નહીં, ચોરીછુપીથી જ પીવી પડે, ચોરીના પૈસાથી થોડાં અઠવાડિયા ચલાવી લીધું. તે દરમિયાન સાંભળ્યું હતું કે એક જાતના છોડની ડાળખી બીડીની જેમ સળગે છે તેને પી શકાય. તે મેળવી ફૂંકતા થયા. પરંતુ એનાથી એમને સંતોષ ન થયો એમને પરાધીનતા સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કઈ જ ન થાય ? તેઓ કંટાળી ગયા.

કંટાળીને બંને ભાઈઓએ આત્મહત્યા અર્થાત (આપઘાત) કરવાનું નક્કી કર્યું, પરંતુ મરવું કેવી રીતે? ઝેર આપે કોણ? તેઓએ સાંભળ્યું હતું કે ધતૂરાના ડોડવા અર્થાત (ઝીંડવા) બીજ ખાય તો મૃત્યુ નીપજે. એટલે વગડામાં જઈને ધતૂરાના ડોડવા મેળવી સંધ્યા(સાંજ)ના સમયે કેદારજીના મંદિરે જઈ દીપમાળામાં ઘી ચડાવી દર્શન કરીને એકાંતમાં ઝેર ખાવા ગયા. પરંતુ ઝેર ખાવાની હિંમત ન ચાલી. વિચાર્યું તુરંત મૃત્યુ ન થાય તો? મરીને શો લાભ? પરાધીનતા અર્થાત (પરવશતા) કેમ ન ભોગવવી. છતાં તેમણે બે-ચાર બી તો ખાધા. પરંતુ બીજા બીજ ખાવાની હિંમત ન ચાલી. બંને ભાઈઓએ મોતથી ડરીને આપઘાત કરવાનો વિચાર જ ભૂલી જવાનું નક્કી કર્યું. પછી એમણે વિચાર્યું કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, પરંતુ આપઘાત કરવો સહેલો નથી. આથી કોઈ આપઘાત કરવાની ધમકી આપે તો તેમને એની અસર થતી નથી.

આ આપઘાતનો વિચાર પડતો મૂકવાનું પરિણામ એ આવ્યું કે ચોરી કરવાની કુટેવ હતી એ ભૂલી ગયા. પછી તો પ્રશ્નાર્થ જ રહી ગયો કે બીડી પીવાની ગંદી આદત આ દુનિયામાં કેમ છે? હવે તો બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું પણ સહન થતું નહીં અને ધૂમાડાથી ગૂંગળાઇ જતા.

હવે આ ગુનો એમને ગંભીર અને અસહ્ય લાગ્યો, એ વખતે એમની ઉંમર આશરે પંદરેક વર્ષની હતી. તે વખતે બંને ભાઈઓનું પચ્ચીસેક રૂપિયાનું દેવું થઈ ગયું હતું. માંસાહારી ભાઇના હાથમાં સોનાનું નક્કર (અર્થાત-ભરાવદાર) કડું હતું. તેમાંથી એક ટુકડો દસગ્રામ (અર્થાત-એક તોલો) જેટલું ચોરીથી વેચીને એમનું દેવું અર્થાત કરજ ભરપાઈ કરી દીધું. એ વાત એમને અસહ્ય થઈ પડી પછી ચોરી ન કરવાનો વિચાર (અર્થાત-નિશ્ચય) કરી, થયેલી ભૂલો ક્યારેક પિતાજી પાસે કબૂલ કરવાનું વિચારી લીધું. અડગ નિશ્ચય કરીને પણ કરેલી ભૂલો પિતાજી સમક્ષ કબૂલ કરવા જીભ તો ન જ ઉપડી. (અર્થાત-મૌખિક રજૂઆત ન કરી શકતા) પિતાજી મારશે એવા ડરથી, માથું ફૂટશે તો? પરંતુ એ જોખમ ખેડીને પણ એ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુધ્ધિ ન થાય. છેવટે ચિઠ્ઠી લખીને દોષ સ્વીકારી લીધો. માફી માંગી અને યોગ્ય સજા પણ માંગી. પિતાજીને પોતાની ઉપર દુ:ખ વહોરી ન લેવા આજીજી પૂર્વક વિનંતી કરી અને ભવિષ્યમાં ક્યારેય આવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પિતાજી ત્યારે ભગંદરનાં રોગથી પીડાતા ખાટલાવશ હતા અને લાકડાની પાટ પર સૂતા હતા. તેમણે ચિઠ્ઠી વાંચી, આંખમાંથી દડ દડ કરતાં આંસુ ટપકાવ્યા. ચિઠ્ઠી ભીંજાઈ ગઈ ક્ષણવાર આંખો બંધ કરીને ચિઠ્ઠી ફાડી નાખી અને પાછા પાટ ઉપર સૂઈ ગયા. ત્યારે પિતાજીની સાથે ગાંધીજી પણ ખૂબ રડ્યા. પિતાજીનું દુ:ખ સમજી આત્મકથા લખતી વખતે જો ચિતારો અર્થાત (ચિત્રકાર) હોત તો એ ચિત્ર આજે સંપૂર્ણ પૂરેપૂરું આલેખી શકે તે ભાવ એમની આંખ સામે તરવરી રહ્યો હતો. પિતાજીનાં અશ્રુરૂપી મોતીબિંદુના પ્રેમબાણે વીંધાયા, મનરૂપી આત્માથી શુધ્ધ થયા. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે, રામબાણ વાગ્યા હોય તે જાણે. . .

એમના માટે એ અહિંસાનો પદાર્થ પાઠ હતો. તે સમયે તો એમણે પિતાજીનાં પ્રેમ ઉપરાંત બીજું ન જોયું પરંતુ આત્મકથા લખતાં, એને શુધ્ધ અહિંસાના નામે ઓળખી શકયા. જ્યારે અહિંસા વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે એ કોને અલિપ્ત રાખે? અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

આ પ્રસંગના આલેખનમાં ગાંધીજીની નીડરતા અને પ્રાયશ્ચિત કરવાની નેક ભાવના પ્રતિબિંબિત થાય છે. ગાંધીજીને પહેલીવાર સત્યાચરણ(સત્ય+આચરણ) અને અહિંસાના પાઠ શીખવા મળ્યા. પિતાજીએ

શાંત ક્ષમા આપી તે એમના સ્વભાવથી પ્રતિકૂળ હતી, તે ક્રોધિત થશે, કટુવચન સંભળાવશે, દુ:ખી થઈ જશે.એવું ગાંધીજીએ ધાર્યું હતું પરંતુ પિતાજીએ અપાર શાંતિ જાળવી તેનું કારણ એમણે કરેલા દોષની નિખાલસ કબૂલાત હતી એવું ગાંધીજીએ માન્યું. જે વ્યક્તિ વડીલો આગળ કે અધિકારી આગળ સ્વેચ્છાએ પોતે કરેલા દોષનો નિખાલસપણે, ફરીથી ક્યારેય દોષ ન કરવાનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરે તે પોતે જ શુધ્ધ પ્રાયશ્ચિત(પાશ્ચતાપ) કરીને હળવાફૂલ થઈ જાય છે. ગાંધીજીના એકરારથી પિતાજી એમના માટે નિર્ભય થયા અને ગાંધીજી પ્રત્યે તેમનો મહાપ્રેમ વૃધ્ધિ પામ્યો.

## <u>શબ્દાર્થ:-</u>

પ્રાયશ્ચિત – પસ્તાવો, પરિતાપ

આપઘાત – આત્મહત્યા

બીડીના ઠૂંઠા – પીધેલી બીડીનો વધેલો ટૂકડો

ધતૂરાના ડોડવા – ધતૂરાની બી

દોકડા – એક જૂનો સિક્કો

મુદ્દલ – (અહીં)સહેજે

પરાધીનતા – પરવશતા

## <u>સ્વ-અધ્યયન</u>

**પ્રશ્ન.1 નીચેનાં પ્રશ્નોનાં માંગ્યા મુજબ ઉત્તર આપો:**

(અ) વિરુદ્ધાર્થી શબ્દો:-

સ્વાધીનતા × .........................   ઇચ્છા × ...............................

ઝેર × ..................................   સંધ્યા × ..............................

(બ) સંજ્ઞાનો પ્રકાર જણાવો:-

(1) ઝેર ખાવાની <u>હિંમત</u> ન ચાલી. - ..................................

(2) કેદારજીના મંદિરે દીપમાળામાં <u>ઘી</u> ચડાવ્યું. - ..................................

(3) ચિઠ્ઠી <u>પિતાજીના</u> હાથમાં મૂકી. - ..................................

(4) તેનું કારણ દોષની <u>નિખાલસ</u> કબૂલાત કરી. - ..................................

(ક) રૂઢિપ્રયોગનો અર્થ આપો:-

(1) પરાધીનતા ભોગવવી - ..........................................................

(2) જીભ ન ઉપડવી - ..........................................................

(2) રામબાણ વાગવા - ..........................................................

(4) જોખમ ખેડવું - ..........................................................

(5) હિંમત ન ચાલવી - ..........................................................

**પ્રશ્ન.2 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો**

(1) બીડી પીવાની કુટેવમાંથી બીજી કઈ કુટેવ આવી?

..............................................................................................................

(2) ભૂલની કબૂલાતની ચિઠ્ઠી વાંચી પિતાજીએ અપાર શાંતિ જાળવી તેનું કારણ ગાંધીજી શું માને છે?

..............................................................................................................

(3) પિતાજીની આંખમાના મોતી બિંદુથી ગાંધીજી પર શી અસર થઈ?

..............................................................................................................

**પ્રશ્ન.3 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગાંધીજીને શેની ચોરી કરવાની ટેવ પડી? શા માટે?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(2) ગાંધીજીના જીવનમાં આપઘાતના વિચારનું પરિણામ શું આવ્યું?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(૩) આ આત્મકથા ખંડમાંથી આપણને શી શીખ મળે છે?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્રશ્ન.4 નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યમાં ઉત્તર લખો.**

(1) “ચોરી અને પ્રાયશ્ચિત” પાઠના આધારે ગાંધીજીના ગુણોનું વર્ણન કરો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(૨) ગાંધીજીના અંતરમાં થતા મનોમંથનનું વર્ણન કરો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

*

# 3. વ્યાકરણ

## ધ્વનિશ્રેણી

ધ્વનિશ્રેણીને ધ્યાનથી વાંચી હશે તો ખ્યાલ આવશે કે '**વહાલો**' શબ્દની ધ્વનિશ્રેણી માં અંતે 'ઑ' સ્વર છે પરંતુ 'ગોપાળ' ધ્વનિશ્રેણીમાં અંતે માત્ર 'ળ' વ્યંજનધ્વનિ છે. તેના પછી 'અ' સ્વર લખ્યો નથી. કારણ કે છેલ્લા અક્ષર પછી 'અ' સ્વર આવે તો આપણે તે બોલતા નથી. ગુજરાતી ભાષા વ્યંજનાન્ત ભાષા કહેવાય છે.

સૂચના:- નીચે આપેલ વ્યાકરણની તમામ વિગતોમાં જે વ્યંજન છે તે "હલન્ત" ગણાય છે. ટેકનિકલ ખામીનાં કારણે "હલન્ત" દર્શાવી શકાયા નથી. આ વ્યંજનની નીચે "_" (રેખાંકિત) કરવામાં આવેલ છે. તેને વ્યંજન/હલન્ત સમજવુ. વિશેષમાં ધોરણ-9 ના પાઠ્યપુસ્તકના પાનાં નં 15 થી 22 ઉપર રહેલા "ધ્વનિશ્રેણી" એકમમાં "હલન્ત" વ્યંજનનો અભ્યાસ કરશો

આપણે કેટલાક શબ્દોના ધ્વનિ ઓને તેના ક્રમમાં જોઈએ.

**અરજ** = અ + ર + અ +જ

અ – સ્વર

ર - વ્યંજન

અ- સ્વર

જ – વ્યંજન

**ગિરિધર** - ગ + ઇ + ર + ધ + અ + ર

**હળધર** - હ + અ + ળ + અ + ધ + અ + ર

**શું** - શ + ઉં

**આત્મકથા** - આ + ત + મ + અ + ક + અ + થ + આ

**બિંદુ** - બ + ઇ + ન + દ + ઉ

અહી 'શું' માં 'ઉ' સ્વર છે પણ 'બિંદુ' માં 'ઇ' સ્વર નથી કારણ કે, આપણે અનુસ્વાર લખીએ છીએ. પણ ત્યાં આપણે ખરેખર 'ન' બોલીએ છીએ એટલે કે, શબ્દોને ખરેખર બોલી જોવાના અને તેને આધારે ધ્વનિશ્રેણી નક્કી કરવાની.

❖ **ધ્વનિશ્રેણીમાંથી વિકલ્પ પસંદ કરો.**

1. **દૂરબીન** – દ + ઉ + ર + અ + બ + ઇ + ન

દ + ઊ+ ર + અ + બ + ઇ + ન

દ + ઉ + ર + અ + બ + ઇ + ન

**ધ્વનિશ્રેણી જૂઓ.**

**પુણ્ય** - પ + ઉ + ણ + ય + અ

**શિલ્પ** - શ + ઇ + લ + પ + અ

અહી તમે જોઈ શકો છો કે, પુણ્યમાં 'ણ' પછી કોઈ સ્વર નથી. તેથી 'ણ્ય' જોડાક્ષર છે. 'શિલ્પ' માં 'લ્ય' બોલતી વખતે વચ્ચે કોઈ સ્વરનું ઉચ્ચારણ થતું નથી. તેથી તે જોડાક્ષર છે.

**વચ્ચે** - <u>વ</u> + અ + <u>ચ</u> + <u>ચ</u> + એ

**સ્વરૂપ** - <u>સ</u> + <u>વ</u> + અ + <u>ર</u> + ઊ + <u>પ</u>

**અન્ન** - અ + <u>ન</u> + <u>ન</u> + અ

**અશક્ય** - અ + <u>શ</u> + અ + <u>ક</u> + <u>ય</u> + અ

**ચિઠ્ઠી** - <u>ચ</u> + ઈ + <u>ઠ</u>+ <u>ઠ</u> + ઈ

❖ **વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવતાં જોડાક્ષરો.**

**ક્ષ** - <u>ક</u> + <u>ષ</u> + અ

**જ્ઞ** - <u>જ</u> + <u>ઞ</u> + અ

**ત્ર** - <u>ત</u> + <u>ર</u> + અ

❖ **જોડાક્ષરો ધરાવતાં શબ્દોની ધ્વનિશ્રેણી**

**ક્ષમા** - <u>ક</u> + <u>ષ</u> + અ + <u>મ</u> + આ

**ભિક્ષા** - <u>ભ</u> + ઈ + <u>ક</u> + <u>ષ</u> + આ

**વિજ્ઞાન** - <u>વ</u> + ઈ + <u>જ</u> + <u>ઞ</u> + આ + <u>ન</u>

**આજ્ઞા** - આ + <u>જ</u> + <u>ઞ</u> + આ

**ત્રાડ** - <u>ત</u> + <u>ર</u> + આ + <u>ડ</u> + અ

**ચિત્ર** - <u>ચ</u> + ઈ + <u>ત</u> + <u>ર</u> + અ

❖ **નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી ઓ શોધો.**

1. અંગરક્ષક - ..................................................................
2. અક્ષાંશ - ..................................................................
3. નક્ષત્ર - ..................................................................
4. છત્રપતિ - ..................................................................
5. ક્ષેત્ર - ..................................................................
6. ગણિતજ્ઞ - ..................................................................
7. જ્ઞાતિ - ..................................................................
8. યજ્ઞચિત્ર - ..................................................................

❖ દેવનાગરી લિપિચિહ્નનો પ્રયોગ

| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|---|
| દ + દ = દ્દ | મુદ્દો, રદ્દી, મુદ્દલ, તદ્દન, હોદ્દો | મુદ્દો | મ + ઉ + દ + દ + ઓ |
| દ + મ = દ્મ | પદ્મ, છદ્મ | પદ્મ | પ + અ + દ+ મ + અ |
| દ + ય = દ્ય | ગદ્ય, પદ્ય, વિદ્યા | વિદ્યા | વ + ઈ + દ+ ય + આ |
| દ + ર = દ્ર | ચંદ્ર, ભદ્ર, મુદ્રા, તદ્રુપ | મુદ્રા | મ + ઉ + દ+ ર + આ |

❖ 'ધ' જોડાક્ષરો

| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|---|
| ધ + ધ = ધ્ધ | યોધ્ધા , અધ્ધર | અધ્ધર | અ + ધ + ધ+ અ + ર |
| ધ + વ = ધ્વ | ધ્વનિ , ધ્વજ | ધ્વજ | ધ + વ + અ + જ |
| ધ + ઋ = ધૃ | ધૃતિ , ધૃતરાષ્ટ્ર | ધૃતિ | ધ + ઋ + ત + ઈ |

❖ 'શ' ધ્વનિના જોડાક્ષર પણ દેવનાગરી લિપિ અનુસાર થાય છે.

| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|---|
| શ +ર = શ્ર | શ્રવણ , શ્રધ્ધા ,શ્રેયસ | શ્રધ્ધા | શ +ર+ અ + દ + ધ +આ |
| શ +ચ = શ્ચ | આશ્ચર્ય , નિશ્ચિત | નિશ્ચિત | ન + ઈ + શ+ ચ + ઈ + ત |
| શ +વ = શ્વ | શ્વાસ , શ્વેત ,શ્વાન | શ્વાન | શ + વ+ આ + ન |

## સ્વ-પ્રયત્ન

**પ્રશ્ન.1 તો મિત્રો હવે તમે સ્વ-પ્રયત્ન દ્વારા ધ્વનિશ્રેણી છૂટી પાડશો.**

મુદ્દલ - ........................................................ દ્વિજિહ્વ - ..................................................

પદ્ય - ........................................................ અધ્યાપક - ..................................................

યોધ્ધા - ........................................................ મૂલ્યહ્રાસ - ..................................................

પ્રશ્ન.2 નીચે આપેલ શબ્દના કોષ્ટકમાથી ધ્વનિ શોધો (પઝલ)

વસિયું ગૌમાતા આત્મબળ

દૂરબીન શુધ્ધ ગીંગોડો વર્તન

(દા.ત. શામળિયો)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શ | ઉ | દ | ધ | અ | ભ | વા | ની | વ |
| બ | આ | ત | મ | અ | બ | અ | ળ | અ |
| ક | ર | મ | અ | મ | ચ | ખ | સ | ર |
| દ | ઊ | ર | અ | બ | ઈ | ન | ક | ત |
| અ | મ | ળ | સ | ળ | વ | ત | થ | અ |
| ગ | ણ | વ | અ | સ | ઈ | ય | ઉં | ન |
| ગ | ઈં | ગ | ઓ | ડ | ઓ | ય | પ | અ |
| ગ | ઔ | મ | આ | ત | આ | ઘ | ઓ | મ |

# -: સંજ્ઞા : -

❖ **સંજ્ઞા:-** ભાષામાં જે શબ્દો દ્વારા કોઈ વ્યક્તિ વસ્તુ, સ્થળ કે ખ્યાલનો નિર્દેશ થાય છે તેને સંજ્ઞા કે નામ કહે છે .

**લાક્ષણિકતાઓ:-** સંજ્ઞા કે નામ લિંગ ધરાવતાં હોય છે ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ છે.

લિંગ

1. પુલ્લિંગ 2. સ્ત્રીલિંગ 3. નપુસકલિંગ

❖ **ગુજરાતી ભાષામાં બે વચન:-**

**વચન**
- એકવચન
- બહુવચન

❖ **સંજ્ઞા વિકારી કે અવિકારી હોય છે.**

**વિકારી સંજ્ઞા:-** લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞા નું રૂપ બદલાય તે વિકારી સંજ્ઞા

દા. ત. વાંદરો - વાંદરી – વાંદરૂ

**અવિકારી સંજ્ઞા:-** લિંગ અનુસાર જે સંજ્ઞાનું રૂપ ન બદલાય યથાવત રહે તે અવિકારી સંજ્ઞા

દા. ત. વર્ગ - રાજા

❖ **સંજ્ઞા મૂર્ત કે અમૂર્ત હોય છે**

**મૂર્ત સંજ્ઞા:-** જેને કોઈ પણ ઇન્દ્રિય થી અનુભવી શકાય તે(ઉદાહરણ ચળકાટ ,અવાજ )

**અમૂર્ત સંજ્ઞા:-** જેને કોઈ પણ રંગ, રૂપ, કદ, આકાર, ગંધ આદિ નથી માત્ર તર્કથી અનુભવી શકાય તે ( ઉદાહરણ વિચાર, માનવતા)



1. **જાતિવાચક સંજ્ઞા:-** જ્યારે કોઈ શબ્દ દ્વારા આખો વર્ગ સમૂહ સૂચવતો હોય ત્યારે તેને જાતિવાચક સંજ્ઞા હે છે. (ઉદાહરણ : પેન,મૂર્તિ)
2. **વ્યક્તિવાચક સંજ્ઞા:-** જ્યારે કોઈ શબ્દ દ્વારા કોઈ ચોક્કસ વ્યક્તિ કે પદાર્થ સૂચવતો હોય ત્યારે તેને વ્યક્તિ વાચક સંજ્ઞા કહે છે. (ઉદાહરણ: પર્વત, હિમાલય)
3. **દ્રવ્યવાચક સંજ્ઞા:-** ગણી ન શકાય તેવા પદાર્થને દર્શાવતી સંજ્ઞા તે દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે. (ઉદાહરણ : પાણી, દૂધ )
4. **સમૂહવાચક સંજ્ઞા:-** કોઈ જૂથ કે સમૂહનો નિર્દેશ કરતી સંજ્ઞા તે સમૂહવાચક સંજ્ઞા કહે છે. (સમૂહનો અર્થ આપનાર આ સંજ્ઞા હમેશાં એક વચનમાં પ્રયોજાય છે) ( ઉદાહરણ : ટોળું ,સેના )
5. **ભાવવાચક સંજ્ઞા:-** ભાવ નિર્દેશ કરતી સંજ્ઞા તે ભાવવાચક સંજ્ઞા કહે છે. (ઉદાહરણ : માનવતા, સુખ)
6. **ક્રિયાવાચક સંજ્ઞા:-** ક્રિયા દર્શાવતી સંજ્ઞા તે ક્રિયાવાચક સંજ્ઞા કહે છે. (ઉદાહરણ : ચાલ, દર્શન)

## <u>સ્વ-પ્રયત્ન</u>

**પ્રશ્ન.1 નીચેના વાક્યમાથી સંજ્ઞા શોધી વર્તુળ કરો. (એક વાક્યમાં બે થી વધુ સંજ્ઞા હોય શકે)**

1. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી.
2. તે ગોવાળમાં ગિરિધર શોભે.
3. પણ દોષ કબૂલ્યા વિના શુધ્ધિ ન થાય.
4. ખાંધે કુહાડા ધર્યા તને સાંભરે રે?
5. દીપડા રંજાડશે નહી?

**પ્રશ્ન.2 નીચેના વાકયમાંથી સંજ્ઞાના પ્રકાર શોધો.**

1. આ <u>અમદાવાદ</u> જવા આવવાનો ધોરીમાર્ગ છે. - ........................................
2. <u>નદીના</u> મારને રોકીએ તો મીઠા ફળ પાકે. - ........................................
3. બધા <u>શિકારીઓ</u> ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા. - ........................................
4. બીજાં બી ખાવાની <u>હિંમત</u> જ ન ચાલી. - ........................................
5. રામજીને <u>મંદિર</u> જઈ દર્શન કરી શાંત થઈ જવું. - ........................................

*

# 4. વિચાર વિસ્તાર

**વિચાર વિસ્તાર કરતી વખતે આટલું ધ્યાનમાં લઈએ:-**

**આપેલ પંક્તિ/ઉક્તિનો અર્થ બરાબર સમજી લઈએ.**

**પ્રારંભ :-** મુખ્ય વિચાર (રહસ્ય, મર્મ કે ધ્વનિ) એક-બે પંક્તિઓમાં દર્શાવવો.

**મધ્યભાગ :-** આ ભાગમાં વિધાનનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ. જરૂર જણાય ત્યાં દૃષ્ટાંતો અને અન્ય કહેવતો/કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ પણ કરી શકાય. લખાણની ભાષા શુધ્ધ અને સરળ હોવી જોઈએ. વિષયાંતર ન થાય તેની કાળજી લઈશું.

**અંત :-** છેલ્લે વિધાનનું તાત્પર્ય (અર્થાત તેના પરથી ફલિત થતો અર્થ) લખીશું.

**કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો;**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.**

**ભાવાર્થ:-**

ઉપર્યુક્ત કાવ્યપંક્તિમાં કવિએ પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું છે. જેના પગ જ ડગમગે છે, તેને તો જ્યાં જવાનું હોય તેનો રસ્તો પણ મળતો નથી. જેનું મન દ્રઢ હોય અને હૃદયમાં આત્મવિશ્વાસ હોય, તેને તો સૌથી ઊંચો પર્વત હિમાલય પણ નથી નડતો.

**સમજૂતી:-**

આ દુનિયામાં કેટલાક માણસો એવા હોય છે, જે નસીબને મહત્વ આપીને બેસી રહે છે. વળી, જ્યારે તેમને જીવનમાં નિષ્ફળતા મળે છે, ત્યારે તેઓ નસીબને જ દોષ દે છે. તેઓ માને છે કે જીવનમાં કોઈ પરિશ્રમ કરવાની જરૂર જ નથી. કવિ નસીબ પર આધાર રાખી બેસનારાઓની આ સંકુચિતતાને યોગ્ય ગણતા નથી. જેમ મકાન બાંધવા માટે બનાવેલ નકશો માત્ર ચિત્રાત્મક ખ્યાલ જ આપે છે, પરંતુ તે નકશાની ઇમારતને મૂર્તરૂપ આપવા પાર વગરનો પરિશ્રમ કરવો પડે છે. તે મુજબ હસ્તરેખાઓ જ માનવીને જીવનમાં ઉજ્જવળ સફળતા અપાવી શકતી નથી. ગૌતમ બુધ્ધના સમયની વાત છે. રાજકુમાર સિધ્ધાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ફરી રહ્યા હતા પણ તેમને કોઈ પ્રકારે સંતોષ ના થયો. નિરાશ થઈ મહેલ તરફ ફરતા હતા ત્યાં એક તળાવ કિનારે ખિસકોલી જોઈ, તે વારંવાર પાણીમાં પૂંછડી બોળતી પછી રેતીમાં આવી તે પાણી નાખી દેતી હતી. સિધ્ધાર્થે પુછ્યું, "ખિસકોલી તું આ તારી પૂંછડી વારંવાર પાણીમાં બોળે છે અને

બહાર આવી પૂંછડી ખંખેરી પાણી બહાર ફેંકે છે. તું આમ કેમ કરે છે ?" ખિસકોલીએ જવાબ આપ્યો; "આ તળાવે મારા કુટુંબીજનોને ડૂબાડી દીધું છે તેથી આ તળાવને મારે સુકવી નાખવું છે," સિધ્ધાર્થ બોલ્યા, "આ કામ તો તું ક્યારેય નહી કરી શકે. તળાવને સુકવી નાખવાનું કામ તારાથી બનવાનું નથી." ખિસકોલી મક્કમતાથી બોલી, "ભલે, તમે એવું માનતા હો, પણ હું એવું માનતી નથી. જે કામ કરવાનો નિશ્ચય કર્યો હોય, તે કાર્ય પર સતત મથ્યા કરવાથી જરૂર સફળતા મળે છે. હું તો મારું કામ કરતી રહીશ," સિધ્ધાર્થના હૃદયમાં ખિસકોલીની વાત વસી ગઈ, તેઓ પાછા જ્ઞાન પ્રાપ્તિ માટે જંગલમાં જતા રહ્યા.

આટલું મોટું તળાવ અને ક્યાં ખિસકોલીની પૂંછડી, છતાં ખિસકોલી નિરાશ નથી. આશા છોડતી નથી. કેટલી બધી મક્કમતા છે. "ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈ:"! પરિશ્રમ કરવાથી જ કામ સફળ થાય છે, વિચાર કરવાથી નહીં. નબળા મનના માણસો જિંદગીમાં ક્યારેય સફળતા મેળવી શકતા નથી.

પ્રાચીનકાળમાં જંગલોમાં ભટકતો માનવી આજે જળ, સ્થળ અને નભનો સ્વામી બની બેઠો છે. એ મનની મક્કમતાનું જીવતું જાગતું ઉદાહરણ છે, મક્કમ મનોબળવાળો આ માનવી શું ન કરી શકે? "મન હોય તો માળવે જવાય" અર્થાત દ્રઢ ઇચ્છાશક્તિ હોય તો ગમે તેવા પડકારોનો સામનો કરી શકાય અને ગમે તેવી વિકટ પરિસ્થિતિને પણ પોતાને અનુરૂપ કરી શકાય છે.

**બોધ:-**

જિંદગીમાં સફળ થવું હોય તો અડગ મનના બનવું પડે. મન મક્કમ બનશે તો સફળતા આજે નહીં તો કાલે જરૂર મળશે. મજબૂત મનનો વ્યક્તિ આફતોના પહાડોમાંથી સ્નેહનું ઝરણું વહાવી શકે છે.

* * *